

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## પાકો ભક્ત કોને કહેવાય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

**કેરી કાચી પણ હોય અને પાકી પણ હોય**
**કેળુ કાચું હોય ને પાકું પણ હોય**
**જામફળ કાચું હોય ને પાકું પણ હોય**
**રોટલી કાચી હોય ને પાકી પણ હોય**
**ખીચડી કાચી હોય ને પાકી પણ હોય**
**શીરો કાચો હોય ને પાકો પણ હોય**
**ઘડો કાચો હોય ને પાકો પણ હોય**

આ બધી વાતો તો સમજયા કે કાચી કોને કહેવાય ને પાકી કોને કહેવાય. પરંતુ સ્વામિનારાયણ ભગવાન કહે છે કે ભક્ત પણ કાચા હોય અને પાકા પણ હોય. તો પ્રભુ ને જ પૂછીએ કે પ્રભુ ! ભક્ત પાકો કોને કહેવાય ? જવાબમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે - નિયમ, નિશ્ચય અને પક્ષ આ ત્રણવાનાં જેનામાં દૃઢ હોય તે પાકો ભક્ત કહેવાય. અને જેનામાં આ ત્રણ વાના દ્રઢ ન હોય તે કાચો ભક્ત !! હવે તો સમજાઈ ગયું ને, ભક્ત પણ કાચાને પાકા હોય છે. તો આ ત્રણ વાનામાં સૌથી પહેલી વાત છે નિયમની. તો ચાલો આજે આપણે નિયમ વિશે વાત કરીએ. એમાં પણ મુખ્ય અગિયાર નિયમની. વાત આવે છે. કોઈ તમને પૂછે કે ભાઈ તમે કોની ભક્તિ કરો છો ? તમે કહેશો સ્વામિનારાયણ ભગવાનની. એ સંપ્રદાયમાં તમારા સ્વામિનારાયણ ધર્મના મુખ્ય નિયમો શું ? ત્યારે આપણે શું જવાબ આપીએ !!! મંદિરમાં ચાલો. સ્વામીજી તમને કહેશે. સાંજે મારી સાથે આવજો. તો આપણને આપણા જ સંપ્રદાયના આપણા જ ધર્મના અગિયાર નિયમોની માહિતી ન હોય તો તે નિયમોનું પાલન કઈ રીતે થાય !!

આ અગિયાર નિયમો તમામ સત્સંગી બહેનો-ભાઈઓ બાળકો સૌને યાદ રહે એટલા માટે દૈનિક પ્રાર્થનામાં ઉમેર્યા છે. સ્વામિનારાયણ ભગવાને પ્રેમાનંદ સ્વામીને આજ્ઞા કરી કે આપણા અગિયાર નિયમો છે એ દરરોજ હરિભક્તો બોલે એવું કાંઈક કરો. સ્વામીએ એક એવું પ્રાર્થનાનું પદ બનાવ્યું અને એ પ્રાર્થનાપદમાં દરરોજ આ અગિયાર નિયમો બોલાય છે. દરરોજ સાંજે સંધ્યામાં આપણે જ્યારે ઠાકોરજીને સાષ્ટાંગ નમસ્કાર કરીએ છીએ ત્યારે પ્રેમાનંદ સ્વામીનું આ પદ બોલીએ છીએ.

**"નિર્વિકલ્પ ઉત્તમ અતિ,**
**નિશ્ચય તવ ઘનશ્યામ"**

આ પ્રાર્થના પદ છે. એમાં પહેલા સ્વામીએ સાત વસ્તુ માંગી છે. પ્રાર્થનામાં ભગવાન પાસે સાત માંગણીઓ મુકવાની અને એ સાત માંગણી પુરી થાય પછી આ અગિયાર નિયમો આવે છે. આજે તો આપણે અગિયાર નિયમોની જ વાત કરીશું. એ અગિયાર નિયમો શિક્ષાપત્રીમાંથી ચૂંટેલા છે. સ્વામી શરૂઆતમાં કહે છે -

**"સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ,**
**તાકું હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ."**

સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું જોઈએ. એ શિક્ષાપત્રીમાં ભક્તસુખ માટે અનેક નિયમો-આજ્ઞાઓ છે એમાં મુખ્ય મુખ્ય મહત્વના જે નિયમો છે એ અગિયાર છે.

**"સો પત્રી મેં અતિ બડે, નિયમ એકાદશ જોય;**
**તાકિ વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય."**

એ અગિયાર નિયમ આપણે અત્યારે યાદ કરીએ. સૌથી પહેલું નિયમ -

**"હિંસા ન કરની જંતુ કી"**

જીવ પ્રાણી માત્રની હિંસા ન કરવી. અહિંસા એ

મોટામાં મોટું તપ છે. અહિંસા એ સર્વોત્તમ ધર્મ છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે સૌથી મોટો સદાચાર ક્યો ? અહિંસા. તો અમારા સંપ્રદાયના આશ્રિતોએ પાયાના સિદ્ધાંતમાં અહિંસા તો જોઈશે જ. સ્વામિનારાયણ ભગવાને જે અહિંસાનો ઉપદેશ કર્યો છે તેની શરૂઆત સુક્ષ્મ હિંસાથી કરી છે. રોજીંદી જીવનચર્યામાં પણ જો ધ્યાન ન રાખો તો પાણી પીવામાં હિંસા, ધ્યાન ન રાખો તો રાંધવામાં, ખાવામાં, હિંસા, એટલે જે સુક્ષ્મ હિંસાથી બચે તેજ મોટી હિંસાથી બચી શકે છે. હિંસાની બાબતમાં સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં ખૂબજ સ્પષ્ટતાઓ કરી છે. જે શાંતિથી વાંચીને વિચારવા જેવી છે. તો આપણે અહીં અગિયાર નિયમોમાંથી સૌથી પહેલું નિયમ - ''હિંસા ન કરની જંતુ કી'' એના વિશે જાણ્યું. હવે બીજું નિયમ આવે છે.

**''પરત્રિય સંગ કો ત્યાગ''**

ગૃહસ્થાશ્રમીએ બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીએ લગ્ન કર્યા એ પતિ-પત્ની છે. બાકી બીજે જે એની દૃષ્ટિ ભમે તો એના જેવું કોઈ મોટું પાપ નથી. જે પુરૂષ દાંપત્ય શુદ્ધિ જાળવતો હોય એ ગૃહસ્થનું જીવન સાક્ષાત્ તપસ્વી જેવું પવિત્ર ગણાય છે. એવા ગૃહસ્થોના સંતાનો સાત્વિક અને સદ્‌બુદ્ધિવાળા થાય છે. આજે આપણે બે નિયમો વિશે વાત કરી છે. (વધુ આવતા અંકે).

●

**ભગવાનનાં ચરિત્રો કલ્યાણકારી છે**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જગતનો નાથ અનંત ઐશ્વર્યોનો નાથ સર્વે સુખનો નાથ સર્વ શક્તિઓનો નાથ અનાથનો નાથ આજ વૃષભોને સનાથ કરવા માટે તૈયાર થાય છે. વાત છે બહુ સુંદર પરંતુ ખેડૂત ભક્તોને જલ્દીથી સમજાય તેવી છે. બાકી વૃષભ શું અને નાથ શું એતો પ્રેકટીકલ સમજવું પડે તેમ છે.

ચિંતા ન કરતા સાકર વિષે તમે જ્ઞાન ધરાવતા હો કે ન ધરાવતા હો પરંતુ સાકર જમો એટલે ગળી જ લાગે એમ આતો સ્વામિનારાયણ ભગવાનનું ચરિત્ર છે. એટલે આપણા માટે કલ્યાણકારી છે.

સ્વામિનારાયણ ભગવાન સ્વયં કહે છે કે જીવનું સહેજે કલ્યાણ થાય તેના માટેનું ઉત્તમ સાધન ભગવાનના લીલા ચરિત્રો છે એ સંભારી રાખવા તો તેના યોગે ભગવાન સાંભરે અને એ જીવનું રૂડું થાય

તો આવો આપણે ભગવાનનું એક સુંદર લીલા ચરિત્ર યાદ કરીએ.

ભગવાનના ચરિત્રો અનેક છે, અપાર છે, જેણે જેણે ભગવાનના ચરિત્રોનું શ્રવણ કર્યુ હોય વાંચન કર્યુ હોય તે કૃતાર્થ થાય છે. સ્વામિનારાયણ ભગવાન એકવાર ગઢડામાં બિરાજમાન હતા. દાદાખાચરના પ્રેમને વશ થઈને તેમના ઘરના કામ પણ મહારાજ કરતા.

દાદા ખાચરની વાડીમાં વાછડા છત્રીસ હતા. ફક્ત વાછડાની જ ગણત્રી કહી છે. વાછડીઓ કેટલી હશેને ગાયોની ગણતરી પણ લખી નથી. એ પણ કેટલી બધી હશે. આ વાછડાને બીડમાં છૂટા ચરતા મૂક્યા હતા. જેમ ચારો ચરવો હોય એમ ચરેને છુટથી હરે ફરે. આ વાછડા તો જોત જોતામાં એવા વકરી ગયેલા તે કોઈને અડવા દે નહિ. હાથમાં આવે નહિ. કાઠીઓ બધા પકડી શકે નહિ. બાંધવા જાય તો માથાં મારે. નાથવા તો શીના દે ? મારકણા બહુ થઈ ગયેલા. બધા થાક્યા શું કરશું આનો કોઈ ઉપાય. ચાલો ત્યારે મહારાજ પાસે જઈએ. મહારાજને વાત કરી. વાડીમાં છત્રીસ વાછડા છે તે એકે હાથમાં આવતા નથી. નાથવા છે પણ નાથવા દેતા નથી. એટલે મહારાજ કહે ચાલો અમે વાડીએ આવીએ છીએ. પછી મહારાજ વાડીમાં થઈ બીડમાં પધાર્યા. અને ભેટ બાંધી અને છત્રીસ વાછડાને જાલી જાલીને એકદમ નાથવા માંડ્યા. થોડી જ વારમાં છત્રીસે છત્રીસ વાછરડાને નાથી દીધા. ત્યાં બ્રહ્માનંદ સ્વામી આવ્યા. તેમને મહારાજે કહ્યું, સ્વામી જુઓ અમે આ છત્રીસ વાછરડાને નાથ્યા. એટલે સ્વામી હસીને કહેવા માંડ્યા. તમારે તો બહુ જુનો અનુભવ છે. કૃષ્ણાવતારમાં વકરેલા સાત આખલાને તમે નાથ્યા હતા. એટલે તમને તો એ અનુભવ છે. બહુ મોટું કામ કર્યું.

વહાલા ભક્તો ! ભગવાન તો સર્વશક્તિમાન છે. એમનાથી તો શું ન થાય ! સર્વ જીવપ્રાણી માત્રના નાડીપ્રાણ ભગવાનના હાથમાં છે. એ ધારે તો બિલાડીને સિંહ બનાવી દે એ ધારે તો સિંહને બિલાડી બનાવી દે. માટે એવા સર્વ કર્તા હતાં પરમાત્માના ચરણોમાં શ્રદ્ધા રાખી ભક્તિ કરવી.